# આણંદ કૃષિ યુનિવર્સિટી

## બેકીંગ (બેકરી) ટેકનોલોજી તાલીમની પ્રવેશ અંગેની જાહેરાત

| | |
|---|---|
| અભ્યાસક્રમનું નામ તથા મુદત | બેકીંગ (બેકરી) ટેક્નોલૉજી તાલીમનો ૨૦ અઠવાડિયાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| અભ્યાસક્રમનું સ્થાન અને વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર | આચાર્યશ્રી, બેકરી શાળા, પોલીટેકનિક ઈન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિકસ, એફ.પી.ટી.&.બી.ઈ કોલેજ પાસે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮ ૧૧૦<br>વેબસાઈટ : www.aau.in/latest news<br>ફોન : (૦૨૬૯૨) ૨૬૪૪૬૪, મો. : ૯૪૦૮૯૨૨૭૯૯<br>સમય: ૯:૩૦ થી ૫:૦૦ |
| શૈક્ષણિક લાયકાત | ગુજરાત રાજ્યની શાળા/બોર્ડમાંથી એસ.એસ.સી. અથવા સમકક્ષ પરીક્ષા પાસ અથવા નાપાસ |
| ઉંમર | તા: ૧.૭.૨૦૨૪ ના રોજ ૧૫ થી ૪૦ વર્ષ |
| દાખલ શક્તિ | ૨૮ (અઠ્ઠાવીસ) બેઠકો |
| અનામત બેઠકો | ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર |
| પ્રવેશ અરજી ફોર્મ / માહિતી પુસ્તિકા મેળવવાની વિગત | રૂબરૂમાં **બેકરી શાળા*** ખાતે રૂ. ૧૦૦/- રોકડા ભરવાથી **અથવા** વેબસાઈટ પરથી પ્રવેશ અરજી ફોર્મ ડાઉનલોડ કરી તેની સાથે રૂ. ૧૦૦/- નો **"આણંદ કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ"**ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ જોડી કચેરીને મોકલી આપવાનો રહેશે. |
| શિષ્યવૃત્તિની વિગત | યુનિવર્સિટીના નિતિ નિયમોનુસાર શિષ્યવૃત્તિ આપવામાં આવશે. |
| અરજી ફોર્મ ભરીને સ્વીકારવાની છેલ્લી તારીખ | તારીખ: ૨૧.૬.૨૦૨૪ સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં બેકરી શાળા ખાતે પહોચાડવાના રહેશે<br><br>**વિસ્તરણ શિક્ષણ નિયામક** |

*** ફોર્મ મેળવવા / આપવા માટેનું સરનામુ :**

**બેકરી શાળા, પોલીટેકનિક ઈન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિકસ, ફુડ પ્રોસેસીગ ટેકનોલોજી એન્ડ બાયો-એનર્જી કોલેજ પાસે, આણંદ કૃષિ યુનિવર્સિટી (ખેતીવાડી), આણંદ–૩૮૮૧૧૦**

AAU

कृणवन्तो राष्ट्रं कृषिसंपन्नम्



# બેકીંગ ટેકનોલોજી કોર્ષ

## માહિતી પુસ્તિકા



કિંમત રૂા. ૧૦૦/-




**બેકરી શાળા**
પોલીટેકનિક ઈન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સ
ફેકલ્ટી ઓફ ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો-એનર્જી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮ ૧૧૦, ગુજરાત રાજ્ય
ફોન (૦૨૬૯૨) ૨૬૪૪૬૪ URL : www.aau.in









HTS












## ૧. સામાન્ય માહિતી :

આણંદ કૃષિ યુનિવર્સિટી ખેતી અને આનુસાંગિક વિષયો જેવા કે ડેરી, વેટરનરી, એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ, એગ્રી બીઝનેસ મેનેજમેન્ટ, એગ્રી ઈન્ફોર્મેશન ટેકનોલોજી વગેરે વિદ્યાશાખાઓમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. ફૂડ ટેકનોલોજી પણ યુનિવર્સિટીની એક અગત્યની શૈક્ષણિક શાખા છે, કે જેમાં બેકીંગ ટેકનોલોજીનો પણ સમાવેશ થાય છે. યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓ હેઠળ પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. બેકીંગ ટેકનોલોજી તેમાંનો એક છે.

બેકરી વાનગીઓ સર્વ સામાન્ય સ્વીકૃતી ધરાવે છે. અને સાથોસાથ તે પૌષ્ટિક પણ છે. તેનો ફેલાવો ગામડાઓ સુધી પહોંચ્યો છે અને શહેરીકરણ, પશ્ચિમી ઢબનું જીવન, વ્યાવસાયિક સ્ત્રીઓનું વધતુ પ્રમાણ જેવા કારણોસર તેની માંગ ઉત્તરોત્તર વધતી જાય છે. આ માંગ પૂરી પાડવા માટે શક્ય તેટલી બેકરીઓ સ્થાપવામાં આવે તે જરૂરી છે અને તેના માટે કુશળ કારીગરો હોવા તે અત્યંત મહત્ત્વનું છે.

જે માટે યુ.એસ. વ્હીટ એસોશિયેટ્સના આર્થિક અને તાંત્રિક માર્ગદર્શન હેઠળ સને ૧૯૬૩માં આણંદ ખાતે બેકરીશાળાની સ્થાપના કરવામાં આવેલ છે. જે હાલ ફેકલ્ટી ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયો એનર્જી અંતર્ગત ચાલતી પોલીટેકનિક ઈન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિકસ હેઠળ કાર્યરત છે.

## ૨. ઉદ્દેશ :

બેકરી ઉદ્યોગના વિકાસ માટે આધુનિક તાલીમ દ્વારા ઉદ્યોગ સાહસિક, તજજ્ઞ અને કુશળ માનવબળ તૈયાર કરવું અને તેના દ્વારા ખેત ઉત્પાદનમાં મૂલ્ય વૃદ્ધિ કરવી. આ માટે પાયાનું સંશોધન કાર્ય કરવું અને બેકરીના જ્ઞાનના પ્રસાર માટે વિસ્તરણ શિક્ષણ કાર્ય કરવું.

## ૩. શિક્ષણ અને અભ્યાસક્રમ :

યુનિવર્સિટી દ્વારા ૨૦ (વીસ) અઠવાડિયાનો બેકીંગ ટેકનોલોજીનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જેમાં બ્રેડ એન્ડ ફર્મેન્ટેડ પ્રોડકટ્સ, કેક એન્ડ કન્ફેકશનરી પ્રોડકટ્સ, બેકરી મેનેજમેન્ટ તેમજ બેકરી કેલ્કયુલેશન્સ અને બેઝીક સાયન્સ જેવા વિષયો બાબતે શીખવવામાં આવે છે. તેમાં રોજબરોજના ઉપયોગમાં લેવાતી વાનગીઓ જેવી કે બ્રેડ, બિસ્કિટ, કૂકીઝ, કેક અને આઈસીંગ, પફ, પીઝા, ખારી, બન્સ, ટોસ્ટ, ક્રિમ રોલ, સુરતી બટર, નાનખટાઈ વગેરે ઉપરાંત

ફેન્સી વાનગીઓ જેવી કે પાઈ, સ્વીસ રોલ, હોટ ડોગ, ડો નટ, ડેનિસ પેસ્ટ્રી જેવી બેકરી વાનગીઓની બનાવટનું જ્ઞાન તેમજ કૌશલ્ય પ્રાયોગિક તેમજ બૌદ્ધિક વર્ગો દ્વારા ખીલવવામાં આવે છે. વાનગીઓની બનાવટ માટે જરૂરી ખાદ્યપદાર્થોની ગુણવત્તા, તેનો વૈજ્ઞાનિક અભ્યાસ, બનાવટની સુધારેલી પદ્ધતિઓ, રાસાયણિક તેમજ સુક્ષ્મ જૈવિક પ્રક્રિયાનું જ્ઞાન તથા બનાવટોના નફાતોટાનું અર્થકરણ, બેકરી એકમની સ્થાપના અને વ્યવસ્થાપન વગેરે બાબતો શીખવવામાં આવે છે. બેકરી માટે વપરાતા સાધનો અને મશીનરીનો અભ્યાસ, તેનો ઉપયોગ પણ બૌદ્ધિક તેમજ પ્રાયોગિક કાર્ય દ્વારા શીખવવામાં આવે છે.

**૪. અભ્યાસક્રમની શરૂઆત :**

સામાન્યતઃ એક વર્ષમાં બે તાલીમવર્ગો ચલાવવામાં આવે છે.

પ્રથમ વર્ગ : જુલાઈ / ઓગષ્ટ માસમાં શરૂ થાય છે.

દ્વિતીય વર્ગ : ડિસેમ્બર/જાન્યુઆરી માસમાં શરૂ થાય છે.

તાલીમ વર્ગ શરૂ કરતા પહેલાં રાજ્યકક્ષાના/ સ્થાનિક ગુજરાતી દૈનિક અખબારમાં તેમજ યુનિવર્સિટી વેબસાઈટ www. aau.in પર જાહેરાત આપવામાં આવે છે.

પ્રવેશ માટેનું અરજીપત્રક સંપૂર્ણપણે ભરી, તેની સાથે જરૂરી તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો જોડી જાહેરાતમાં દર્શાવેલ સમયમર્યાદામાં નિયત સ્થાને પહોંચતુ કરવાનું રહે છે.

**પ. પ્રવેશ :**

**અ. શૈક્ષણિક લાયકાત :**

બેકીંગ ટેકનોલોજી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવાર ગુજરાત રાજ્ય સ્થિત શાળામાંથી એસ.એસ.સી. (ધોરણ-૧૦) અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ / નાપાસ હોવા જોઈએ. જો કે એસ.એસ.સી. પાસ ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**બ. ઉંમર :**

પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારની ઉંમર કોર્ષ શરૂ થવાના દિવસે ૧૫ થી ૪૦ વર્ષ વચ્ચે હોવી જોઈએ.

**ક અનામત :**

(૧) જુદી જુદી અનામત કેટેગરી માટેની બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નક્કી થયા મુજબનું રહે છે. જે મુળ ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે હાલમાં નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી | અનામત બેઠકો (%) | નોંધ |
|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિ (SC) | ૭ | આ જાતિઓની અનામત બેઠકો ખાલી રહે તો એક બીજામાં તબદીલ થઈ શકે છે. |
| ૨ | અનુસૂચિત જનજાતિ (ST) | ૧૫ | |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) | ૨૭ | ફક્ત ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતા નથી (નોન ક્રિમીલેયર) તેવા ઉમેદવારો પ્રવેશપાત્ર છે. |
| ૪ | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | ૧૦ | — |
| ૫ | દિવ્યાંગ (PC) | ૩ | પ્રવેશ મેળવેલ ઉમેદવારની જાતિ અનુરૂપ જે તે કેટેગરીમાં સરભર કરવાની રહે છે. |
| ૬ | સેનામાં કાર્યરત/નિવૃત્ત કર્મચારીના સંતાનો (DP) | ૧ | — |
| ૭ | પારસી જાતિ | ૧ બેઠક | વધારાની બેઠક. જનરલ/અન્ય કેટેગરીમાં તબદીલ થશે નહીં. |

(૨) અનામત કેટેગરીની બેઠકો પર પ્રવેશ મેળવવા માટે જે તે કેટેગરી, દિવ્યાંગતા, સેનાના કર્મચારી કે પારસી જાતિ અંગે સમક્ષ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજીફોર્મ સાથે જોડવી જરૂરી છે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેમની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેમણે 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી' (નોન ક્રિમીલેયર) તેવું નિયત સમય મર્યાદા વાળુ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે.

(૪) દિવ્યાંગ ઉમેદવારે વિકલાંગતાની ટકાવારી દર્શાવતા જે તે જિલ્લાના સિવિલ સર્જનશ્રી અથવા સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે. સદરહું કેટેગરીના ઉમેદવારની શૈક્ષણિક અને પ્રાયોગિક કાર્ય કરવાની ક્ષમતાને આધારે પ્રવેશ અંગેનો આખરી નિર્ણય પ્રવેશ સમિતી રૂબરૂમાં લે છે.

(૫) જો કોઈ અનામત કેટેગરીના ઉમેદવાર તેના મેરીટના ધોરણે બિન અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવી શકતા હોય તો તે પોતાની કેટેગરી અથવા બિન-અનામત કેટેગરીમાં પોતાની ઈચ્છાનુસાર પ્રવેશ મેળવી શકે છે.

(૬) જો અનામત બેઠકો માટે પૂરતા ઉમેદવારો ન મળે તો સામાન્ય અગ્રતાક્રમ યાદી (જનરલ મેરીટ લીસ્ટ) પ્રમાણે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવે છે.

**ડ. અન્ય નિયમો :**

(૧) બેકીંગ ટેકનોલોજી કોર્સની પ્રવેશ ક્ષમતા ૨૫ (પચ્ચીસ) વિદ્યાર્થીઓની છે. તદ્ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગના વધારાના ૩ (ત્રણ) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

(૨) ભાઈઓ માટે છાત્રાલયની મર્યાદિત સુવિધા ઉપલબ્ધ છે.

(૩) અરજી કરનાર ઉમેદવારના પિતા હયાત ન હોય તેવા કિસ્સામાં ઉમેદવારે પિતાના બદલે વાલીની સહી અરજીફોર્મમાં કરાવવી.

**ઈ. અરજી પત્રક**

(૧) અરજીપત્રક/માહિતી પુસ્તિકા રૂબરૂ મેળવવા માટે  રૂા. ૧૦૦/- રોકડા ચૂકવવાના રહે છે.

અથવા

અરજીપત્રક યુનિવર્સિટી વેબસાઈટ www.aau.in પરથી  ડાઉનલોડ કરી ભરી શકાય છે. આવા અરજીપત્રક સાથે રૂા. ૧૦૦/-નો **'આણંદ કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ'** ના નામનો આણંદ ખાતે વટાવી શકાય તેવો ડીમાન્ડ ડ્રાફટ જોડવાનો રહે છે.

(૨) અરજીપત્રક સાથે જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સામેલ રાખીને નિયત સમયમર્યાદામાં નિયત સ્થાને પહોંચતા કરવાના રહે છે.

**ફ. રૂબરૂ મુલાકાત :**

(૧) પ્રવેશ મેળવવા માટે શાળાની કચેરીને મળેલ અરજીઓ પૈકી માન્ય અરજીવાળા ઉમેદવારો પૈકી એસ.એસ.સી. પાસ ઉમેદવારોને અગ્રતાક્રમે ગોઠવી જનરલ તેમજ કેટેગરી વાઈઝ મેરીટ યાદી તૈયાર કરવામાં આવે છે. જે પૈકી જરૂરિયાત મુજબના ઉમેદવારોને મેરીટના ધોરણે સ્વખર્ચે રૂબરૂ મુલાકાત (કાઉન્સેલીંગ) માટે બોલાવવામાં આવે છે. કાઉન્સેલીંગ માટે હાજર રહેલ ઉમેદવારોની રૂબરૂ મુલાકાત પસંદગી સમિતી દ્વારા કરવામાં આવે છે. જેમાં પસંદ થયેલ ઉમેદવારોને પ્રવેશ  આપવામાં આવે છે. પ્રવેશ મળતાની સાથે ઉમેદવારે સંસ્થાની કચેરીમાં નીચે પ્રમાણેની અનામત / કોશનમની / ફીની રકમ ભરવાની રહે છે. અનામતની રકમ અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ નિયમાનુસાર પરત મળવાપાત્ર છે.

| ક્રમ | ફી/અનામતની વિગત | રકમ (રૂા. | |
|---|---|---|---|
| ૧ | પ્રયોગશાળા અનામત | ૨૫૦/- | (પરત મળવાપાત્ર) |
| ૨ | છાત્રાલય અનામત | ૧૦૦/- | (પરત મળવાપાત્ર) |
| ૩ | કોશનમની | ૧૦૦/- | (પરત મળવાપાત્ર) |
| ૪ | મેગેઝીન ફી | ૨૦/- | |
| ૫ | ઓળખપત્ર ફી | ૨૦/- | |
| ૬ | ગુણપત્રક ફી | ૩૦/- | |
| ૭ | પ્રમાણપત્ર ફી | ૩૦/- | |
| ૮ | વિકાસ ફંડ | ૪૦૦/- | |
| ૯ | પરીક્ષા ફી | ૫૦/- | |
| | યોગ | ૧,૦૦૦/- | |

(૨) રૂબરૂ મુલાકાત માટે બોલાવાયેલ ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત વખતે અરજી ફોર્મમાં જણાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો / માર્કશીટ તેમજ તબીબી અધિકારીશ્રીનું શારીરિક યોગ્યતા પૂરવાર કરતું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૬. ગણવેશ :**

આ તાલીમ ખાદ્યપદાર્થો સાથે સંકળાયેલ હોઈ સ્વચ્છતા અને આરોગ્ય જળવાઈ રહે તે માટે સફેદ એપ્રન અને કેપ તાલીમ દરમ્યાન પહેરવાના રહેશે.

**૭. હાજરી :**

બેકીંગ ટેકનોલોજી કોર્ષમાં પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦% હાજરી જરૂરી છે. જે તે દિવસની હાજરી માટે દરેક તાસમાં હાજર હોવું જરૂરી છે.

**૮. શિષ્યવૃત્તિ :**

બેકરી શાળામાં પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને યુનિવર્સિટીએ નિયત કરેલ દરથી નિયમાનુસાર શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

**૯. અભ્યાસના વિષયો અને પરીક્ષા :**

**અ. વિષય :**

બેકીંગ ટેકનોલોજીના અભ્યાસક્રમમાં ૪ બૌદ્ધિક (થીયરી) અને ૩ પ્રાયોગિક (પ્રેકટીકલ) મળી કુલ-૭ વિષયો શીખવવામાં આવે છે.

| **બૌદ્ધિક (થીયરી)** | **પ્રાયોગિક (પ્રેકટિકલ)** |
|---|---|
| (૧) બ્રેડ મેકીંગ | (૧) બ્રેડ મેકીંગ |
| (૨) કેક અને કન્ફેકશનરી | (૨) કેક અને કન્ફેકશનરી |
| (૩) બેઝિક સાયન્સ | (૩) બેઝિક સાયન્સ |
| (૪) રીલેટેડ સ્ટડી | |

**બ. પરીક્ષા :**

કોર્ષ દરમ્યાન બે આંતરિક અને એક અંતિમ પરીક્ષા લેવામાં આવે છે.

| ક્રમ | પરીક્ષા | ગુણ |
|---|---|---|
| ૧ | પ્રથમ આંતરિક પરીક્ષા | ૧૫ |
| ૨ | દ્વિતીય આંતરિક પરીક્ષા | ૧૫ |
| ૩ | અંતિમ પરીક્ષા | ૭૦ |
| | યોગ | ૧૦૦ |

**ક. મૂલ્યાંકન :**

૨૦ અઠવાડિયાના પૂરા સમયના અભ્યાસક્રમમાં આંતરિક અને અંતિમ પરીક્ષાઓ લેવામાં આવે છે. દરેક વિષયમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૫૦% ગુણ મેળવવા જરૂરી છે. સફળ ઉમેદવારને ગુણકક્ષા પ્રમાણે તાલીમ સફળતાપૂર્વક પૂરી કર્યાનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. ગુણકક્ષાના ધોરણો નીચે મુજબ છે.

| ક્રમ | શ્રેણી | ટકા |
|---|---|---|
| ૧ | પાસ શ્રેણી | ૫૦% કે તેથી વધુ અને ૬૦%થી ઓછા |
| ૨ | દ્વિતીય શ્રેણી | ૬૦% કે તેથી વધુ અને ૭૦%થી ઓછા |
| ૩ | પ્રથમ શ્રેણી | ૭૦% કે તેથી વધુ અને ૮૦%થી ઓછા |
| ૪ | વિશિષ્ટ શ્રેણી (DISTINCTION) | ૮૦% કે તેથી વધુ |

આ માહિતી પુસ્તિકામાં આપેલ અભ્યાસક્રમની માહિતી જેવી કે પ્રવેશ, કોર્ષ તેમજ નિયમો વગેરેને લગતી તમામ સત્તા યુનિવર્સિટીને અબાધિત રહેશે અને જરૂર પડયે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે. જે તમામને આપોઆપ બંધનકર્તા રહેશે.

પુસ્તિકામાં આપેલ માહિતી ફકત માર્ગદર્શન માટે છે. જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહી.

# આણંદ કૃષિ યુનિવર્સિટી

ફોર્મ નંબર :

## બેકીંગ ટેકનોલોજી કોર્સ

## (અરજીપત્રક)

ડી.ડી. નંબર : ..................................

ડી.ડી.ની રકમ :................................

તારીખ : .......................................

અરજીપત્રક ભરતાં પહેલાં માહિતી પુસ્તિકાનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.

અરજીપત્રક સ્વહસ્તાક્ષરે કાળજીપૂર્વક ભરવું.

પાસપોર્ટ સાઈઝનો ફોટો

૧. ઉમેદવારનું નામ : (અટકથી શરૂઆત કરવી)

૨. પિતા / વાલીનું નામ :

૩. રહેઠાણનું સરનામું :

| | | |
|---|---|---|
| | | ટેલી. નં. : |
| | | (STD કોડ સાથે) |
| મુ. | પીન : | મોબાઈલ : |
| તા. | જી. | ઈ-મેઈલ : |

૪. (અ) જન્મ તારીખ :

(બ) કોર્ષ થવાની તારીખે ઉંમર :

| દિવસ | મહિના | વર્ષ |
|---|---|---|
| | | |

૫. વૈવાહિક દરજ્જો : ( '✓' નિશાની કરો)

| પરણિત | અપરણિત |
|---|---|
| | |

( પરણિત બહેનો એ લગ્ન નોંધણી પ્રમાણપત્ર જોડવું.)

૬. જાતિ : ( '✓' નિશાની કરો)

| જનરલ | અનુ. જાતિ (SC) | અનુ. જનજાતિ (ST) | સા.શૈ.પ.વ. (SEBC) | આ.ન.વ. (EWS) | દિવ્યાંગ (PC) | સેના કર્મચારી (DP) | પારસી |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

૭. ભાષાનું જ્ઞાન : ( '✓' નિશાની કરો)

| ગુજરાતી | અંગ્રેજી | હિન્દી | અન્ય |
|---|---|---|---|
| | | | |

૮. શૈક્ષણિક લાયકાત (એસ.એસ.સી.) ની વિગત :

| ક્રમ | એસ.એસ.સી. પરીક્ષાનું બોર્ડ | પાસ કે નાપાસ | વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

૯. અરજદારનું કબૂલાતનામું :

જો મને દાખલ કરવામાં આવશે તો હું કબુલાત આપું છું કે, જે કંઈ નિયમો કે કાયદાકાનુન સંસ્થાના સંચાલન માટે અમલમાં હોય અથવા ભવિષ્યમાં કરવામાં આવે તે બધા નિયમોનું હું સંસ્થાનો તાલીમાર્થી હોઉ ત્યાં સુધી ચુસ્તપણે પાલન કરવા બંધાઉ છું. સંસ્થાના નિયમિત સંચાલનને કે શિસ્તને બાધ આવે તેવું કોઈપણ કાર્ય હું સંસ્થાની અંદર કે બહાર કરીશ નહીં. વધુમાં આ અરજીફોર્મમાં ભરેલ તમામ વિગતો સાચી છે તેની હું બાંહેધરી આપુ છું. અરજીફોર્મની કોઈપણ વિગતો અસત્ય સાબિત થશે તો તે અંગે સંસ્થા જે કંઈ શિક્ષા કરશે તે મને મંજુર છે.

તારીખ........................... અરજદારની સહી

૧૦. ઉમેદવારના પિતાએ આપવાની બાહેધરી (પિતા હયાત ન હોય તો વાલી) :

આથી હું જાહેર કરું છું કે મારા ચિરંજીવી / પાલ્યને સંસ્થામાં દાખલ કરવામાં આવશે તો સંસ્થામાં અને સંસ્થાની બહાર મારા ચિરંજીવી / પાલ્યની તમામ પ્રકારની વર્તણૂંક માટે હું જવાબદાર છું. તેમજ તેની વર્તણૂંક બરાબર ન હોય અથવા સંસ્થામાં હાજરી ઘટશે તો સંસ્થા જે પગલાં લેશે તે મને મંજુર છે.

તારીખ : .......................

પિતા / વાલીની સહી

---

**અરજી ફોર્મ સાથે જોડેલ દસ્તાવેજોની યાદી :**

(નોંધ : નીચેના પૈકી લાગુ પડતા પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બીડવી અને તેની સામે આપેલ કોંસમાં '✓' ની નિશાની કરવી. અસલ પ્રમાણપત્રો રૂબરૂ મૂલાકાત સમયે લાવવાના રહેશે).

( ) (૧) એસ.એસ.સી. (ધો-૧૦)ની માર્કશીટ (તમામ ટ્રાયલની માર્કશીટ જોડવી)

( ) (૨) શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)

( ) (૩) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ / આર્થિક રીતે નબળા વર્ગ અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તેની ઉપર ટીકમાર્ક કરવું)

( ) (૪) ઉન્નત વર્ગમાં સમાવિષ્ઠ નથી (નોન ક્રીમીલેયર) પ્રમાણપત્ર (નિયત સમય મર્યાદા વાળુ)

( ) (૫) દિવ્યાંગતા અંગે સિવિલ હોસ્પીટલના અધિકારીશ્રીનું પ્રમાણપત્ર

( ) (૬) સેનાના કર્મચારી / પારસી જાતિ અંગેનું પ્રમાણપત્ર

( ) (૭) પરણિત બહેનો માટે લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર

( ) (૮) એસ.એસ.સી. પરીક્ષા ગુજરાત રાજ્ય સ્થિત શાળામાંથી આપેલ છે તેવો આધાર/પુરાવો (જરૂર હોય તો)

ખાસનોંધ : અધુરી વિગતવાળુ અરજીફોર્મ રદબાતલ ગણાતુ હોઈ આ અરજીફોર્મમાં માંગ્યા પ્રમાણેની તમામ વિગતોની માહિતી સંપૂર્ણ લખાઈ છે કે કેમ તે ચકાસીને ઉમેદવારે આ અરજી ફોર્મ નિયત તારીખ સુધીમાં નિયત સ્થાને પહોંચતું કરવું.













બુકપોસ્ટ

જાવક નંબર : તારીખ : - -૨૦

પ્રતિ,
શ્રી ______________________

______________________

______________________

______________________


**પ્રેષક :**
રવાનગી કારકુન
બેકરી શાળા
પોલીટેકનિક ઈન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સ
ફેકલ્ટી ઓફ ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)